શ્રીમાન્ ધ્રાંગધ્રાનરેશ મહારાણા શ્રી ઘન
શ્યામસિંહજી મહારાજાશ્રિત

શ્રી આર્ય નાટ્ય સમાજના

દેવી દ્રૌપદી.

અથવા

મહાભારત દિગ્દર્શન

નામક નાટકનો સંક્ષિપ્ત સાર તથા ગાયનો

રચનાર

રા. ઠક્કુર નારાયણ વિસનજી

છપાવી પ્રસિદ્ધ કરનાર

શ્રી આર્ય નાટ્ય સમાજના સ્વર્ગવાસી સ્વામી
રા. મોતીરામ બેચર નદવાણાનાં વિધવા
બાઇ શ્યામ કુંવરબાઈ
કરાચી—સિંધ.

મૂલ્ય બે આના

ધી નેશનલ પ્રેસ, બંદરરોડ—કરાચી.

પ્રથમ આવૃત્તિ, પ્રત ૧૦૦૦

ધી 'નેશનલ' પ્રેસમાં એ. ખ. સંઘવાએ છાપ્યું — કરાચી

વિક્રમાર્ક ૧૯૭૨ ઇ. સ. ૧૯૧૬

શ્રી આર્ય નાટય સમાજના સ્વર્ગવાસી

માલેક રા. મોતીરામ બેચર નંદવાણા

વિશે બે શોકોદ્ગાર.

ફના સંસારના ખેલો બધા અંતે ફના થાતા;
ન લાવે કોઇ સાથે કંઈ ન સાથે કાંઇ લઈ જાતા,
છતાં હું ને કહે મારૂં નથી એ મુર્ખતા કે શું ?
ગયા બે હાથ લઇ ખાલી હજારો ભુપ મદમાતા,
ભલાઇ રાખવી સહુથી ખરી બસ એ કમાણી છે;
ચણ્યા જે કોટ કીર્તિના નથી યમથીય તોડાતા,
કર્યો છે મોતીરામે ત્યાગ નશ્વર વિશ્વનો આજે;
છતાં તેના સ્મરણથી મિત્રના આંસુ ન સુકાતા,
અરે, એ હીરલો જો કે હરાયો કાળના હાથે;
છતાં પણ છે અમર, એની સુકીર્તિ સર્વ જન ગાતા.
અમારા સ્વામિનો આત્મા પ્રભો ! શાંતિ અચલ પામો;
કરો કલ્યાણ મોતીરામનું કહે સૃષ્ટિના ત્રાતા.

શ્રી આર્ય નાટય સમાજનાં સ્વર્ગવાસી સ્વામીની દીન વિધવાની એક નમ્ર પ્રાર્થના.

મારા મહા પ્રબળ દુર્ભાગ્યવશાત ગત ઇ. સ. ૧૯૧૫ ના ડીસેમ્બર માસની તા. ૩૦ મી તારીખ અને ગુરૂવારે મારા સૌભાગ્યાલંકાર સ્વામીનો અચાનક અકાળ સ્વર્ગવાસ થતા મને મહા દુઃખકારક વૈધવ્યની પ્રાપ્તિ થઈ છે, એટલુંજ નહિ, પણ વૈધવ્યની વેદના સાથે મારા પરલોકવાસી પતિની સ્થાપેલી શ્રી આર્ય નાટય સમાજ નામક નાટક મંડળીને સુવ્યવસ્થાથી ચલાવવાનો ભાર પણ સર્વથા મારા શિર પરજ આવી પડ્યો છે, એ સર્વની સુવિદિત હોવાથી એ વિશે વિશેષ વિસ્તારથી વિવેચન કરીને લખવાની આવશ્યકતા હું જોતી નથી. એક પુરૂષના કાર્યનો ભાર જ્યારે એક અબળા સ્ત્રીના—અને તેમાં પણ ખાસ કરીને હિંદુ સમાજના અને પવિત્ર આર્ય સનાતન ધર્મના નિયમોને પાળનારી એક હિંદુ વનિતાના—શિર પર આવી પડે છે, તે વેળાએ તે અબળાના નેત્રો સમક્ષ કેવી કેવી કઠિનતાઓ આવીને ઉભી રહે છે, એનો મને મારા પતિના પરલોકવાસ પછી સંપૂર્ણ સાક્ષાત્કાર થઈ ચુક્યો છે. નાટકમંડળી જેવી ભિન્ન ભિન્ન સ્વભાવના સો મનુષ્યોની સંખ્યા ધરાવતી સંસ્થાને ચલાવતા કેટલીકવાર બુધ્ધિમાન પુરૂષોને પણ કઠિનતાઓ વેઠવી પડે છે, તો પછી ગ્રહના દ્વારમાંથી બહાર ન નીકળનારી અને પુરૂષોના વ્યવસાયથી સર્વથા અજ્ઞાત એક અબળાનું હૃદય પોતાના શિરપર આવી પડેલા આવા અસહ્ય ભારને જોતાંજ ભયભીત થઈ જાય, એ સર્વથા સ્વાભાવિકજ છે. હું પણ પ્રથમ તો એજ પ્રમાણે ગભરાટમાં પડી જઈને એમજ ધારતી હતી કે, મારા પતિના નિધન પછી આર્ય નાટય સમાજનું અસ્તિત્વ ટકશે કે નહિ અને મારા પતિનું નામ કાયમ રહેશે કે નહિ, એ અનિશ્ચિત છે પરંતુ મારા પતિના સમયના અને તેમની સાથે વર્ષોથી કાર્ય કરનારા શ્રી આર્ય નાટય સમાજના કેટલાક કાર્યવાહકોની મારા સ્વર્ગવાસી સ્વામી તથા તેમની સ્થાપેલી નાટક મંડળી માટે ઘણીજ સારી લાગણી હોવાથી

તેમના ઉત્સાહ તથા ભગીરથ પ્રયત્નોના યોગેજ શ્રી આર્ય નાટ્ય સમાજ અત્યાર સુધી પોતાના અસ્તિત્વને ધારણ કરી રહી છે, અને એટલા માટે મારી કંપનીના એ મારા બંધુજનો, કાર્યવાહકોનો જો હું અંતઃકરણપુર્વક આભાર માનું તો તે સર્વથા યોગ્ય અને ઉચિતજ કહેવાશે.

એ ઉપરાંત શ્રી આર્ય નીતિ દર્શક નાટક સમાજના સમયના મારા પતિના એક ભાગીદાર રા. ભાઇ નકુભાઇ કાળુજી અને અમારી કંપનીના એક વખતના મેનેજર રા. ભાઇ ચન્દુલાલ ઇશ્વરલાલ મહેતા આદિ ગ્રહસ્થોએ પણ અમારી નાટક કંપનીને ટકાવી રાખવા માટે જે કેટલાક ભગીરથ પ્રયત્નો કર્યા છે અને અમારી કંપનીને જે જે સહાયતાઓ આપી છે, તે માટે તે સદ્ગ્રહસ્થોનો પણ આ સ્થળે અંતઃકરણ પુર્વક આભાર માને છે અને તેમની એ પરોપકાર વૃત્તિ નિરંતર વધતી રહે એમ ઇચ્છે છે। એમના અગાધ પરોપકારનો બદલો મારાથી તો વાળી શકાય તેમ નથી, પરંતુ મારો એટલો આશીર્વાદ અવશ્ય ફળશે કે, 'પરમાત્મા તેમનું કલ્યાણ કરો।'

અંતે જે પરમાત્માની કૃપાથી આ 'દેવી દ્રૌપદી' નાટક રંગભુમીના દર્શન કરી શક્યું છે, તે પરમાત્માના ચરણોમાં કૃતજ્ઞતા અને લીનતાથી મસ્તક નમાવી સુજ્ઞ પ્રેક્ષક વર્ગના અનુગ્રહને યાચી હું માત્ર એટલુંજ કહું છું કે, આ પરમાત્માનું કાર્ય છે અને તેથી પરમાત્માજ આ કાર્યની સિધ્ધિજ કરશે.

હિન ભગિની શ્યામ કુંવર

તે સ્વ. મોતીરામ બેચર નરભેરામાણી

વિધવા અને શ્રી આર્ય નાટ્ય સમાજ

ની સ્વામિની

અમારા ચાર ઉદ્દગાર

આજ દિવસ સુધીમાં 'મહાભારત' ની કથા અનેક નાટક મંડળીઓ દ્વારા ભારતવર્ષની ભિન્ન ભિન્ન ભાષાઓમા નાટકના રૂપે રંગભુમીપર આવી ગઇ છે અને તેનુ સબળ કારણ એ છે કે, મહાભારતનુ વસ્તુ એવુ તો બોધક, મનોવેધક ચિતાકર્ષક અને મનોરંજક છે કે, પ્રત્યેકનુ મન એના પ્રતિ આકર્ષાય છે અર્થાત અમારી આર્ય નાટ્ય સમાજના સ્વ. સ્વામી રા. મોતીરામભાઇનુ મન પણ એજ કારણથી 'મહાભારત' ના કથા ભાગને નાટકરૂપે પોતાની રંગભુમિ પર ભજવી બતાવવાની વાસનાને આધીન થયું હતુ અને તેમની ઇચ્છાથી અમારી કંપનીના માન્યવર કવિ રા ઠાકુર નારાયણે આજથી લગભગ ચાર માસ પુર્વે આ નાટક લખવાનો આરંભ કર્યો હતો પરંતુ હજી તો એક બે પ્રવેશ તેમણે લખ્યા હતા એટલામાં તેમના અત્યંત સુશીલ અને લક્ષ્મીરૂપે ગૃહલક્ષ્મી ગંગાદેવી ગત ૧૯૧૫ ઇસ્વીન' નવેમ્બર માસની અઠાવીમી તારીખ અને ગુરૂવારની રાત્રે સ્વર્ગવાસિ થયા, ઠાકુર નારાયણના હૃદયમા એક કારી ઘા લાગ્યો અને તેથી કેટલાક દિવસ લખવાનુ કામ તેઓ સ્વાભાવિકજ કરી શકયા નહિ એ પછીના દોઢ માસમા આ નાટકનો પ્રથમ અંક અને બીજા અંકના બે પ્રવેશો લખાયા, પરંતુ કોઇની ધારણા પણ નહોતી અને જેનુ કોઇને સ્વપ્ન પણ ન હતુ એવી એક અત્યંત શોકકારક ઘટના બની ગઇ અને તે એ છે કે, શ્રી આર્ય નાટ્ય સમાજના અને અમારા અત્યંત માયાળુ માલિક રા. મોતીરામ બેચર નદવાણાનો હૃદય બંધ પડી જવાથી અચાનક ઇ સ. ૧૯૧૫ના ડીસેમ્બરની ૩૦ મી તારીખ અને ગુરૂવારે રાતે ૭ાા વાગે સ્વર્ગવાસ થઇ ગયો અને આ નાટ્ય સમાજના શિરપર એક અસહ્ય સંકટ આવી પડયું, અને કેટલીક વ્યવહારીક આપત્તિઓનાં વાદળ ઘેરાઇ આવ્યાં

પરંતુ જો ણુ મનુષ્યનુ આયુષ્ય અવશિષ્ટ હોય છે, તો જેમ તેના અસાધ્ય રોગનો પણ કોઇ રામબાણ ઉપચાર મળી આવે છે અને તેના યોગે તે રૂણુ મનુષ્ય એકવાર તો કાળના પંજામાંથી છટકી જાય છે; તેજ પ્રમાણે આ આપત્તિરૂપ રોગથી પછડાયલી આર્ય નાટય સમાજને કેટલાક યોગ્ય ઉપચારકોના ઉપચારનો ટેકો મળી ગયો અને તેથી તેના તાત્કાલિક અવસાનનો ભય ટળી ગયો એટલુજ નહિ, પણ પરિસ્થિતિ મહા વિલક્ષણ હોવા છતાં અને અમારા કેટલાક હેતના કટકાઓના આ નાટય સમાજને તોડી પાડવાના ભયંકર પ્રયત્નો રાતદિવસ ચાલુ હોવા છતા અમે આજે કરાચીની રંગભુમિ પર કરાચીની કદરદાન પ્રજા સમક્ષ અમારો '**દેવી દ્રોપદી અથવા મહાભારત દિગ્દર્શન**' નામક નવો નાટય પ્રયત્ન રજુ કરવાને ભાગ્યશાળી થયા છીએ, એ કેવળ પરમાત્માની અગાધ કૃપાનુ જ પરિણામ છે અને અમે આશા રાખીએ છીએ કે, જો અમારી નિષ્ટા વિમળ હશે તો અવશ્ય ભવિષ્યમાં પણ પરમાત્મા અમારો નિત્યનૂ સહાયક રહેશે અને શ્રી આર્ય નાટય સમાજ દીર્ઘ આયુષ્ય ભોગવવાના ભાગ્યને પ્રાપ્ત કરી શકશે.

આ નાટક વિલક્ષણ સયોગોમા પ્રજા સમક્ષ રજુ થતુ હોવાથી જો આ નાટકમા કાઇ પણ દોષ કિંવા ન્યુનતા પ્રયોગ સમયે જોવામા આવે, તો આશા છે કે, સુજ્ઞ પ્રેક્ષકો અવશ્ય અમને ક્ષમા આપવાની ઉદારતા દર્શાવશેજ. અમારા મરહુમ માલિક રા. મોતીરામભાઇ પ્રતિ પ્રજાની જેવી લાગણી હતી, તેવીજ લાગણી જો પ્રજા અમારા પ્રતિ શ્રી આર્ય નાટય સમાજ પ્રતિ-દર્શાવતી રહેશે અને સહાયતાનો હસ્ત લબાવતી રહેશે, તો આ નાટય સમાજ અવશ્ય તેમને પોતાના નવીન નાટકોથી મનોરંજનના ઉપવનમાં વિહરાવશે, સારા સારા નાટકો તેમની સેવામા સાદર કરી બતાવશે.

હવે હુ અમારા પ્રસ્તુત નાટક વિશે બે શબ્દો કહીશ. આજ પર્યન્ત 'મહાભારત' નુ વસ્તુ લઇને જે કેટલાક નાટકો લખાયા છે અને ભજવાયા છે, તે સર્વે નાટકોમા બહુધા ઘણીકવાર મહાભારતના મુળ કથાભાગને એક બાજુએ મુકીને નાટકને કોઇ પણ પ્રકારે આકર્ષક કરવાના ઉદેશથી અયોગ્ય કલ્પનામય ઘટનાઓ ઉમેરી દેવામા આવી છે અને તેનુ પરિણામ એ થયુ કે, એવા નાટકમાથી મહાભારતના સર્વાંશ છુપાઇ ગઇ છે અને કલ્પનામય ઘટનાઓ ઉપર તરી આવી છે પરતુ આ 'દેવી દ્રૌપદી' નાટકમા રા ઠાકુર નારાયણે બહુધા મહાભારતમાનો જાણવા યોગ્ય અને મહત્ત્વવાળો કોઇ પણ અશ અવશિષ્ટ રહેવા દીધા નથી અને તે ઘટનાઓની સકળના એવા તો ચાતુર્યથી ગુથી છે કે, કલ્પનાનુ અધિક મિશ્રણ ન કરવા છતા પણ નાટક આરભથી અંતપર્યાન્ત આકર્ષક, મનોરંજક, રસપુર્ણ અને નાટકકળાના નિયમોથી મડિત રહી શક્યુ છે. આ નાટક લખવામા રા ઠાકુરે બહુ અશે તો કેવળ મહાભારતનુજ અવલબનજ કરેલુ છે, પરતુ કેટલેક સ્થળે ધિ પારસી આલ્ફ્રેડ થીએટ્રીકલ કપનીના માન્યવર મુનશી પંડિત નારાયણપ્રસાદ બેતાબકૃત મહાભારત નાટકમાના કેટલાક ભાવો તેમણે આ નાટકમાથી લીધા છે અને તેટલા માટે માલિક શેઠ કાવસજી પાલનજી ખટાઉ તથા માન્યવર મુનસી બેતાબ સાહેબનો હુ તથા રા ઠાકુર અતઃકરણ પુર્વક આભાર માનીએ, તો તે યોગ્યજ કહેવાશે.

ઇશ્વર અમારા આ પ્રયત્નને યશ આપશે અને આ નાટક પ્રેક્ષકોના આદરને પાત્ર થશે, તો અત્રે અમારા પ્રયત્નનો અમને યોગ્ય બદલો મળ્યો માનીશુ ઇત્યલમ્

પારસી નવરોજ થીએટર, કરાંચી તા ૨ જી માર્ચ ૧૯૧૬ ગુરુવાર	સેવક પ્રાણસુખ હરિશ્ચદ્ર નાયક ડાયરેક્ટર, શ્રી આર્ય નાટ્ય સમાજ.

દેવી દ્રૌપદી

અથવા

મહાભારત દિગ્દર્શન

નામક. નાટકનો પ્રવેશાનુક્રમથી સંક્ષિપ્ત સાર

પ્રારંભમાં નાન્દી અને વસ્તુ સુચન

અંક ૧ લો.

પ્રવેશ ૧ લો—ઈન્દ્રપ્રસ્થમાં પાંડવોનુ મયમંદિર—પાંડવોના રાજસુયજ્ઞમા ભીમસેન, દુર્યોધન તથા શકુનીને મયદાનવના રચેલા અદ્ભુત ભવનની અદ્ભુત રચના બતાવે છે અને દુર્યોધન તે રચનાના નિરક્ષણથી આશ્ચર્ય ચકિત બની સ્થળને જળ અને જળને સ્થળ ધારીને કુંડમા પડી જાય છે અને ભીત સાથે અથડાય છે દ્રૌપદી, રૂકિમણી અને સત્યભામા આદિ સ્ત્રી મંડળ તેનો ઉપહાસ કરે છે અને દુર્યોધનના

-હૃદયમાં દ્વેષનો અગ્નિ પ્રજ્વલિત થતાં ભારતીય ભવિ યુધ્ધનુ આદ્રશ્ય બીજારોપણ થાય છે. તેમના જવા પછી રાજસુયજ્ઞમા શ્રી કૃષ્ણને અપાયલા અગ્રપુજાના માનથી ક્રોપાયમન થયેલો શિશુપાલ અર્જુન ધર્મરાજા, તથા નકુલ અને સહદેવ સાથે ક્રોધાવેગથી બોલતો અને કૃષ્ણની નિંદા કરતો આવે છે, તેના એ અપરાધ પુરા થવાથી શ્રીકૃષ્ણ સુદર્શન ચક્રવડે તેનો વધ કરે છે અને સુદર્શનથી કૃષ્ણની આગળી કપાય છે

પ્રવેશ ૨ જો—ઇન્દ્રપ્રસ્થમાં દ્રૌપદીનો આવાસ—ધર્મભગિની દ્રૌપદી પોતાની સાડીને ફાડી તેનાપર પાટો બાંધેછે એ ઉપકારન બદલામા અણીની વેળાએ સાડીઓનો ઢગલો કરી પ્રતજ્ઞતા દર્શાવવાનુ કૃષ્ણ વચન આપે છે એ પછી શ્રી કૃષ્ણના મનોરંજન માટે સ્રી મંડળ ગરબો ગાય છે અને આનંદથી એ પ્રસગની સમાપ્તિ થાય છે.

પ્રવેશ ૩ જો—હસ્તિનાપુરમાં દુર્યોધનનો મહાલય-દ્વેષ અને દર્પાના અગ્નિથી દગ્ધ થતા અધ બનેલો દુર્યોધન પાડવોના વઇભવ વિલાસને જોઇ દ્વેષજવાળાથી બળે છે અને પાડવોને પીડવાનો કોઇ ઉપાય પોતાના હાથમા ન હોવાથી આત્મહત્યાનો પ્રયત્ન કરે છે; દુશાસન અને શકુની તેને સમજાવી અધરાજા ધ્રતરાષ્ટ્રને પુત્રમરણનો ભય બતાવી તેની પાસેથી પાડવોને હસ્તિનાપુરમા બોલાવવાનુ અને તેમની સાથે જુગાર રમવાની આજ્ઞા આપવાનુ વચન લે છે, કારણ કે શકુની ધ્રુતવિધ્યામા નિપુણ હોવાથી તેનો નિશ્ચય હતો કે, જુગારમા પાંડવો હારવાના અને તેમના પાયમાલ થવાનોજ ધ્રાતરાષ્ટ્રના અનુમોદનથી ચાંડાલ ત્રિપુટીનો હર્ષાતિરેક.

પ્રવેશ ૪ જો—હસ્તિનાપુરમાં દુર્યોધનનો ધૃતમંડપ—ધૃતરાષ્ટ્રના નિમંત્રણથી પાંડવોનું આગમન વડિલ ધૃતરાષ્ટ્રની આજ્ઞાથી ધર્મરાજ યુધિષ્ઠિર દુર્યોધનના પ્રતિનિધિ શકુની સાથે ધૃત રમે છે, અને શકુની કપટના પાસા નાખતો હોવાથી યુધિષ્ઠિર પોતાનું સર્વસ્વ હારી ગયા પછી છેવટે દ્રૌપદીને પણ દાવમાં લગાવીને હારી જાય છે. દુર્યોધન પ્રાતકામી નામના એક સેવકને દ્રૌપદીને સભામાં લાવવા માટે મોકલે છે, સતીના તેજથી અંજાયેલો પ્રાતકામી તેને—રજસ્વલા દ્રૌપદીને લીધા સિવાયજ પાછો આવે છે અને દેવી તુલ્ય દ્રૌપદીપર અત્યાચાર કરવાની સ્પષ્ટ શબ્દોમાં ના પાડે છે નીચની ઉચ્ચતાનું મનોહર દ્રશ્ય ચીડાયલો દુર્યોધન શિષ્ટજનોની ના છતાં પણ રજસ્વલા દ્રૌપદીને સભામાં ખેંચી લાવવા માટે પોતાના દુષ્ટબંધુ દુશાસનને ત્યાં મોકલે છે

પ્રવેશ ૫ મો—હસ્તિનાપુરમાં કૌરવોના મહાલયમાં દ્રૌપદીનો આવાસ—પ્રાતકામીના મુખથી દુર્યોધનની દુષ્ટતા જાણવામાં આવેલી હોવાથી દ્રૌપદીનો શોક અને તેની દાસીઓની સાંત્વન ચેષ્ટા દ્રૌપદીનું અંદર કોઇને પણ ન આવવા દેવાની દાસીઓને આજ્ઞા આપી અંતઃપુરના આંતરિક ભાગમાં જવું પાછળથી દુશાસનનું આગમન અને દાસીઓએ તેનો અંદર જતાં કરેલો અટકાવ. નિમકહલાલ દાસીઓની વીરતા અને કૃતવ્યનું પાલન કરતાં દુષ્ટ દુશાસનના શસ્ત્રથી તેમનો સ્વર્ગવાસ, દ્રૌપદીનું આવવું, રજસ્વલા દ્રૌપદીપર તેનો હૃદયદ્રાવક અત્યાચાર અને તેણે ચોટલો ઝાલી તેને ખેંચી જવાનો મહા ભયંકર અમાનુષી દેખાવ

પ્રવેશ ૬ ઠો —દ્વારિકામાં કૃષ્ણધામ— સત્યભામા અને રૂકિમણીનો સપત્ની કલહ, નારદનું આગમન અને માનસ સરોવરમાના કનકપદ્મદ્વારા તેણે શ્રી કૃષ્ણના મુખથી તેમના ગર્વનું ખંડન નંદન. મુખથી દ્રૌપદીપર આવેલા સંકટના સમાચાર સાંભળી પોતાની ભગિનિના સંકટ નિવારણ માટે શ્રી કૃષ્ણનું હસ્તિનાપુર પ્રતિ પ્રયાણ.

પ્રવેશ ૭ મો —હસ્તિનાપુરમાં દુર્યોધનનો દ્યુતમંડપ -દુઃશાસન કેશ ઝાલીને દ્રૌપદીને સભામાં ખેંચી લાવે છે; સતીનો કરૂણા વિલાપ અને સભામાના ધૃતરાષ્ટ્ર, ભીષ્મ તથા દ્રોણાચાર્ય આદિ વડિલો પોતાની પ્રતિષ્ઠા રક્ષવાની યાચના; વડિલોનો દુર્યોધનને ઉપદેશ અને દુર્યોધનને તે ઉપદેશના તિરસ્કાર સાથે દુઃશાસનને દ્રૌપદીના ચીર ખેંચી સભામાં નગ્ન કરવાની આપેલી નિર્લજતા યુક્ત આજ્ઞા દુર્યોધનના સર્વેથી કનિષ્ટ બંધુ વિકર્ણે કરેલી દેવી દ્રૌપદીની વકીલાત, તેનો તિરસ્કાર અને છેવટે દુર્યોધનની આજ્ઞાથી દુઃશાસને દ્રૌપદીના ચીરને ખેંચવાનું કરેલું પાપયુક્ત સાહસ ગરૂડગામી શ્રી કૃષ્ણનું આગમન અને દ્રૌપદીના ચીર પુરવાનો તેમણે બતાવેલો અદ્ભૂત ચમત્કાર. સભામાં નિસ્તબ્ધતાનો વિસ્તાર અને પ્રથમ અંકની સમાપ્તિ.

ટેબ્લો.

અંક ૨ જો.

અંકસાર —દ્યુતમાં હારેલા પાંડવો ને ધૃતરાષ્ટ્રે દાસત્વના બંધનથી મુક્ત કરી દીધા હતા અને કૌરવો તથા પાંડવો વચ્ચે એવી શર્ત થઇ હતી કે, પાંડવોએ બાર વર્ષના વનવાસ અને એક વર્ષના અજ્ઞાત વાસ ભોગવવો અને અજ્ઞાતવાસના સમયમાં જો તેઓ કૌરવો કિંવા અન્ય કોઇના ઓળખવામાં આવી જાય તો પાછો તેમને બાર વર્ષનો

વનવાસ અને એક વર્ષનો અજ્ઞાતવાસ ભોગવવાનો પ્રસંગ પ્રાપ્ત થાય એ શર્ત પ્રમાણે પાંડવોએ બાર વર્ષના વનવાસની સમાપ્તિ કરી છે અને તેઓ કામ્યકવનમાંથી દ્વૈતવનમાં આવી વસ્યા છે, એ સમયથી આ નાટકના બીજા અંકનો આરંભ થાય છે, એટલે કે પ્રથમ અને દ્વિતીય અંક વચ્ચે બાર વર્ષનો ગાળો રહેલો છે

પ્રવેશ ૧ લો—દ્વૈતવનનો એકભાગ—પાંડવો અને દ્રૌપદીના પરસ્પર શોક અને આશ્વાસન યુધિષ્ઠિર તૃષાતુર થતાં નકુલ અને સહદેવને બાણના ભાથમાં કોઇ જળાશયમાંથી જળ ભરી લાવવા માટે મોકલે છે અને તે અર્જુન ભીમ તથા દ્રૌપદી એક વૃક્ષની છાયામાં બેસવા માટે ત્યાંથી જરા દુર પ્રયાણ કરે છે

પ્રવેશ ૨ જો—દ્વૈતવનમાંનો એક જળાશય—મહિષીપુત્ર પાડાની પીઠપર આરૂઢ યમરાજનુ આગમન, તેના સ્વગત ભયંકર ઉદ્ગાર અને પાંડવોના સત્યની પરીક્ષા કરવાનો તેનો નિશ્ચય નકુલ તથા સહદેવ ત્યાંજ જળ લેવા માટે આવવાના છે એ વાર્તા તેના જાણવામાં હોવાથી એક વૃક્ષમાં તે સંતાઇ બેસે છે અને નકુલ તથા સહદેવના આવ્યા પછી તેમને જળપાનની ના પાડે છે, તૃષાતુર નકુલ તથા સહદેવ તેની આજ્ઞાનો અનાદર કરવાથી મરણને વશ થઇ જાય છે નકુલ તથા સહદેવના પાછા ફરવામાં વિલંબ થવાથી તેમને શોધતા ભીમ તથા અર્જુન ત્યાં આવી લાગે અને તેમની પણ એજ દશા થાય છે [illegible] યુધિષ્ઠિર અને દ્રૌપદી [illegible] આવે છે અને બન્ને ત્યાં મરણશરણ થયેલ ચાર બંધુઓને [illegible] ભયભીત થઇ જાય છે. દ્રૌપદી તેમની ચિંતા માટે [illegible] જાય છે અને પાછળથી અત્યંત તૃષાતુર ધર્મરાજ જલાશયમાંથી જળ પીવા જાય છે એટલામાં

યક્ષ તેને અટકાવે છે ધર્મરાજ તેનો અનાદર કરતે નથી પણ તેના પ્રશ્નોનાં ઉત્તરો આપે છે અને તેથી યમરાજ પ્રસન્ન થઇ પોતાનું સત્યસ્વરૂપ પ્રગટ થાય છે, તેના ચારે ભાઇઓને સજીવન કરે છે અને તેમને વિરાટ રાજાના નગરમાં અજ્ઞાતવાસનુ વર્ષ વીતાડવાની આજ્ઞા સાથે તેઓ અજ્ઞાતવાસના કાળમાં કોઇથી પણ ઓળખાશે નહિ, એવુ વરદાન આપે છે પાંડવો અને દ્રવપદી વિરાટનગર પ્રતિ જવાને વિદાય થાય છે

સંદર્ભ - એ પછી પાંડવો અનુક્રમે કંક, બલ્લવ બૃહન્નડા, ગ્રથિક તંતિપાલ નામથી તથા દ્રવપદી સઇરંધ્રી નામથી વિરાટ રાજાને ત્યા સેવક અને દાસી તરીકે રહેલા છે અને તેને લગભગ દશ માસનો કાળ વીતી ગયો છે, ત્યાર પછી બીજા અંકના તૃતીય પ્રવેશનો આરંભ થાય છે.

પ્રવેશ ૩ જો—મત્સ્યપુરીમાં રાણી સુદેષ્ણાનુ અંતપુર-

વિરાટ રાજાની રાણી સુદેષ્ણા દસ માસ પછી હસ્તિનાપુરથી પાછા ફરેલા પોતાના વીર બંધુ કીચકને મળવા માટે આતુર દેખાય છે વિરાટ રાજા સાથે કીચક પોતાની ભગિનીને મળવા માટે આવે છે અને સઇરંધ્રી નામની દાસી તરીકે રહેલી દ્રૌપદીને જોઇ આસક્ત થાય છે તેની વિકારમય ચેષ્ટાથી સઇરંધ્રીનો ગભરાટ, કીચક સુદેષ્ણાને હસ્તીનાપુરનુ મદ્ય લેવા માટે મોકલવાનુ જણાવવુ, રાણીની સઇરંધ્રીને કીચકને ઘેર જવાની આજ્ઞા અને દ્રવપદીની લજ્જારક્ષક માટે શ્રી કૃષ્ણના પ્રાર્થના

સંદર્ભ—સઇરંધ્રી કીચકને ત્યા મદ્ય લેવાને ગઇ તે વેળાએ કીચકે તેના પર અત્યાચાર કરવાની ચેષ્ટા કરી હતી, પણ સૂર્યના ઉપજાવેલ રાક્ષસના હાથે તેનો પરાજય થયો હતો, ત્યારે પછી વિરાટરાજાની સભામાં તેણે દ્રવપદીને ચોટલો ઝાલીને ખેંચી હતી

અને બહુ સતાવી હતી છેવટે યુધિષ્ઠરની સમતિથી અને દ્રવપદીના આગ્રહથી ભીમે તેના વધનો નિશ્ચય કર્યો હતો અને ભીમની શીખવણીથી નિશા સમયે દરવપદીએ તે પાપી કીચકને નત્યશાળામા બોલાવ્યો હતો.

પ્રવેશ ૪ થો—વિરાટરાજાની નૃત્યશાળા –દ્રવપદી ભીમને પોતાના ગત સંકટોનુ સ્મરણ કરાવી કીચકની દુષ્ટતાને દર્શાવી તેના વધ માટે ઉશ્કરે છે અને તેની ઇચ્છા પ્રમાણે ભીમ છુપાઇને બેસે છે. કીચક આવે છે સઇરધ્રીના સતીત્વને હરવાની ચેષ્ટા કરે છે કીચક અને સઇરધ્રી વચ્ચે ધર્મ અને અધર્મ વિશે બળવાન સંવાદ, છેવટે બળાત્કાર કરવાને તઇયાર અને ભીમની મુષ્ઠિથી તે પાપાત્માનો સહાર -કીચકવધ

પ્રવેશ ૫ મો—વિરાટ રાજાનો મહાલય—યોવનમા આવેલી વિરાટ કુમારી ઉત્તરાનો અને તેની સખીઓનો પરસ્પર હાસ્યવિનોદ ત્યાર પછી દુર્યોધને હરેલી વિરાટરાજાની ગાયોને સારથી બૃહન્નડાના શોય અને સાહાય્યથી પાછી વાળી કઉરવોનો પરાજય કરી આવેલા વિરાટરાજાના કુમાર ઉત્તરનુ આવવુ અને અજ્ઞાતવાસનુ વર્ષ પુરૂ થયેલુ હોવથી ગુપ્તવેશધારી પાડવોનુ ઉત્તરકુમાર દ્વારા પોતાના સત્ય સ્વરૂપમા પ્રકટ થવુ. ઉપકારના બદલા તરીકે રાજા વિરાટ અને રાણી સુદેષ્ણાનો ઉતરાને અર્જુન સાથે પરણાવવાનો વિચાર અર્જુને પોતે રાજકુમારીનો ગુરૂ હોવાથી તેમના એ વિચારનો કરેલા અસ્વિકાર અને છેવટે અર્જુનના પુત્ર અભિમન્યુ સાથે ઉત્તરના લગ્ન વિશે સર્વનો નિર્ધાર કોઉરવો સાથે પાડવોના યુધ્ધનો નિશ્ચય થતા શ્રીકૃષ્ણને પોતાના પક્ષમા લેવા માટે અરજુનની યુધિષ્ટિરની આજ્ઞાથી દ્વારિકા જવા માટે તઇયારી. સર્વેના જવા પછી ઉતરા સાથે તેની સખીઓનો વાણીવિનોદ.

પ્રવેશ ૬ ઠો—દ્વારકામાં શ્રી કૃષ્ણનું શયનગૃહ- કૃષ્ણનું પ્રેમની મહન્તના ઉદ્દગાર સાથે આગમન, રૂક્મિણી અને સત્યભામા નો પતિસેવાના અધિકારવિશે કલહ શ્રી કૃષ્ણે તેમનુ કરેલુ નાત્વિક સમાધાન. નારદનુ આગમન અને તેણે કૃષ્ણને ભારતીય યુધ્ધના આરંભના તથા અરજુન અને દુર્યોધન તેમને પોતાના પક્ષમા લેવા માટે આવવાના છે એવા સમજાવેના સમાચાર તે સમયના નિયમ પ્રમણે જો દુર્યોધન પ્રથમ આવી હોચે તો તેના પક્ષમાજ જવુ જોઇએ, એવી કૃષ્ણ વિચારમા પડી જાય છે. પણ નારદ તેમને સુઇ જવાનુ જ કહી પોતે ચરણ પાસેના આસન પર બેસે છે દુર્યોધન પ્રથમ આવે છે તેને નારદ કૃષ્ણના મસ્તક પાસેના આસન પર બેસાડે છે અને અર્જુન પછીથી આવે છે તેને બેસવા માટે પોતાનુ આસન આપે છે જાગૃત થતા કૃષ્ણની દ્રષ્ટી પ્રથમ અર્જુન પર પડે છે, દુર્યોધન પ્રથમ આવેલો હોવાથી વાદ ઉપસ્થિત થાય છે અને છેવટે કૃષ્ણ એવા નિર્ણય પર આવે છે કે એક પક્ષને હું દશ લાખનુ યાદવ સૈન્ય આપીશ અને એક પક્ષમા હુ પોતે એકલો નિ.શસ્ત્રજ રહીશ, માટે જેને જે માગવુ હોય તે માગી લે અર્જુન માત્ર શ્રી કૃષ્ણની પોતાનાજ માગણી કરે છે અને દુર્યોધન દશ લક્ષના સૈન્યથી સતુષ્ટ થઈ ચાલ્યો જાય છે અર્જુનનો કૃષ્ણ પ્રતિ આદર્શ પુજ્યભાવ અને કૃષ્ણનો સતોષ છેવટે અભિમન્યુનો ઉત્તરા સાથે લગ્ન સબંધ થવાનો હોવાથી કૃષ્ણ, રૂક્મિણી, સત્યભામા, અભિમન્યુ અને સુભદ્રા આદિ સહિત અર્જુનની ઉપપ્લવ્યનગર પ્રતિ જવાની તઇયારી

પ્રવેશ ૭ મો- ઉષામડળમાંનો એક અરણ્ય વિભાગ—મૃગયા માટે ગયેલો અભિમન્યુ વ્યાધ્રની મ્રગીયા કરીને પાછો ફર્યો છે

મેં તેના ભિન્ન હરિણીની મૃગયા કરીને આવી લાગે છે; વ્યાધ અને હરિણીની મૃગયામાં રહેલા ભેદ વિશે ત્રણ મિત્રોનો પરસ્પર સંવાદ અને અભિમન્યુની વીરતામયી વાણી સાંભળી અચાનક ત્યાં આવી ચડેલા નારદની પ્રસન્નતા, ભારતીય યુદ્ધના આરંભ, અર્જુનના દ્વારિકામાં આગમન અને ઉત્તરા સાથે તેના થનારા લગ્નના સમાચાર નારદે તેને સંભળાવ્યા; અભિમન્યુનો યુદ્ધોત્સાહ અને નારદનો તેને આશીર્વાદ.

પ્રવેશ ૮મો— હસ્તિનાપુરમાં કૌરવ સભા—પાંડવોના દૂત તરીકે શ્રી કૃષ્ણનું શિષ્ટીના માટે કૌરવની સભામાં આગમન અને પાંડવોને અર્ધ રાજ્ય—પાંચ પ્રાંત—સમાધાન પુર્વક આપી યુદ્ધની ભયંકરતાને અટકાવવા માટે તેમનો કૌરવ પ્રત્યે ઉપદેશ મદાંધ દુર્યોધને તેમના ઉપદેશનો કરેલો અપમાનપુર્વક તિરસ્કાર અને કૃષ્ણને બંદિવાન કરવાનો તેનો વિચતાયુકત પ્રયત્ન, શ્રી કૃષ્ણે પોતાની અનંત શક્તિના ચમત્કારનો કરાવેલો સાક્ષાત્કાર અને દુષ્ટના પ્રપંચની નિષ્ફળતા નિઃસંબધતા સાથે દ્વિતીય અંકની પરિ સમાપ્તિ

ટેબ્લો

—o—

અંક ૩ જો.

પ્રવેશ ૧ લો—ઉપપ્લવ્ય નગરમાં પાંડવોનો આવાસ— અભિમન્યુ અને ઉત્તરાનો લગ્ન સંબંધ થઇ ગયેલો છે અને નવોઢા દંપતી હિંડોળા પર ઝુલે છે, સખીઓના હર્ષ, નુતન પરણેલા આદર્શ પતિપત્નીના લગ્નબંધન વિશે આદર્શ ઉદગાર અને સખીઓનો મૃદુમિષ્ટ વિનોદ. ત્યાર પછી શ્રી કૃષ્ણનું સુભદ્રા તથા દ્રૌપદી સહિત આગમન

અને અભિમન્યુને આરંભાયેલા ભારતીય યુદ્ધમાં પરાક્રમ બતાવી ક્ષત્રિ ધર્મને પાળી બતાવવાનો તેમનો ઉપદેશ અભિમન્યુનો યુદ્ધ માટે તત્પરતા અને ઉત્તરાએ નવોઢા છતાં આનંદથી પતિને જયમાળ સહિત યુદ્ધમાં જવાની અનુમતિ આપીને પોતાની એક વીર દુહિતા તથા વીર-વનિતા તરીકેની વીરતાનો કરાવેલો પરિચય કિંવા સાક્ષાત્કાર.

પ્રવેશ ૨ જો---કુરૂક્ષેત્ર નામક રણભુમિનો એક ભાગ— ગાંડિવધર અર્જુનનું રથારૂઢ થઇને યુદ્ધ માટે રણભુમિમાં આગમન અને ત્યાં ઉભયપક્ષના સૈન્યમાં પોતાના આપ્ત સંબંધીજનોને જોઇ તેમના ભાવિ નાશની કલ્પનાથી તેના હૃદયમાં થયેલો સંમોહ અને આવેલું શૈથિલ્ય અર્જુનના સારથી થયેલા શ્રી કૃષ્ણનો અર્જુનને તત્વોપદેશ અર્થાત શ્રીમદ ભગવદગીતા નામથી ઓળખાતા મહા-ભારતના તાત્ત્વિક ભાગનું કિંચિદ દિગ્દર્શન, અને તેનું અર્જુનના હૃદયમાં સંતોષકારક પરિણામ થતાં તેના સંમોહનો સંહાર ધર્મરાજ યુધિષ્ઠિર આવી ભીષ્મપિતામહના હસ્તે થતા પોતાના સૈન્યના ભયંકર સંહારની સંભળાવેલી વાર્તા અને તેથી શિખંડીને અગ્રભાગે રાખી ભીષ્મપિતામહનો નાશ કરવા માટે કૃષ્ણનું યુધિષ્ઠિરને ભીમ પાસે મોકલી અર્જુન સહિત પ્રયાણ

પ્રવેશ ૩ જો–કુરૂક્ષેત્ર નામક રણભુમિ—રણક્ષેત્રમાં શિખંડીને અગ્રભાગે રાખી શ્રી કૃષ્ણની આજ્ઞાથી અર્જુન ભીષ્મપિતામહ પર બાણ ચલાવે છે અને તેઓ તેથી ઘાયલ થયેલા છે અર્જુન તથા કૃષ્ણ તેમને ઉપાડી જાય છે ત્યાર પછી અમોઘ પરાક્રમશાળી અભિમન્યુના ધનુષ્ય બાણ તથા ઢાલ તલવાર આદિ શસ્ત્રાસ્ત્રોનો શત્રુ પક્ષના યોદ્ધાઓના હસ્તે નાશ થવાથી ગદા અને ચક્ર લઇને આવે છે દુઃશાસનના

પુત્ર દઉશાસની સાથે તેનું યુધ્ધ થાય છે. પ્રથમ તે વિજય મેળવે છે પણ પછીથી દઉશાસનીની ગદાથી અભિમન્યુનુ રણભુમીમાં મૃત્યુ થાય છે ભીમનુ આગમન અને દઉશાસનીને ધિક્કાર પુર્વક એ વેરનો બદલો તેના આશ્રયદાતા દુર્યોધન તથા પિતા દુશાસન પાસેથી લેવાનું જણાવી ન આપેલી ક્ષમા. દુશાસનનુ પલાયન દુર્યોધનનુ આગમન અને ભીમ સાથેના ગદાયુધ્ધમાં ભીમની ગદાથી તેના પાપીસ્ટ જીવનનો અંત. છેવટે દુશાસનનું આવવુ, ભીમ સાથે પ્રથમ તેનું ગદા યુદ્ધ અને ત્યાર પછી અસિયુદ્ધ થતાં ભીમની અસિધારાથી તેના જીવનની સમાપ્તિ. દુશાસન બિરપાન અથવા ભીમની પ્રતિજ્ઞા પુર્તિ અને દુશાસનના રૂધિર સિંચનથી દ્રૂપદીનું વેણી બંધન !

પ્રવેશ ૪ થો—પાંડવોનુ શિબિર—નારદનુ આગમન અને યુધિષ્ટિર સાથે યુધ્ધ વિશે સંભાષણ થતા નારદે પાંડવોના હસ્તે યુધ્ધમા થએલા કિંચિદ અધર્મનો કરેલો પ્રકાશ અને યુધિષ્ટિરનો પશ્ચાતાપ કૃષ્ણનુ આગમન, યુધિષ્ટિરનો ભક્તિ યુક્ત વિવેક અને કૃષ્ણનું તેને મળેલું પ્રસન્તા પુર્વક આશ્વાસન

પ્રવેશ ૫ મો—હસ્તિનાપુરમાં પાંડવ સભા—શ્રી કૃષ્ણ અને શ્રી વ્યાસના વરદ હસ્તે દેવી દ્રવપદીને કૃષ્ણના આશીરવાદ સહિત યુધિષ્ઠિરનો રાજ્યાભિષેક અને સર્વત્ર આનંદ !

સમાપ્ત

નાટકનાં પાત્રો.

પુરૂષ પાત્રો

શ્રી કૃષ્ણ પરમાત્મા—આ વિભૂત વિશ્વવિખ્યાત હોવાથી એના પરિચયની આવશ્યકતા નથી.

(યુધિષ્ઠિર ધર્મરાજ) ભીમ અર્જુન નકુલ સહદેવ	પાંચપાંડવો

દુર્યોધન...ધૃતરાષ્ટ્ર જયેષ્ઠ પુત્ર, હસ્તિનાપુરનો રાજા અને કૌરવકુળનો અગ્રણી પુરૂષ દુષ્ટાત્મા

દુઃશાસન ...દુર્યોધનનો કનિષ્ટ બધુ, પાપાત્મા.

વિકર્ણ—દુર્યોધનનો સર્વાથી ન્હાનો ભ્રાત્રા, ધર્માત્મા

ધૃતરાષ્ટ.. દુર્યોધનનો અધ અને ચલબુધ્ધિ પિતા

શકુની...દુર્યોધનનો મામો, ગાન્ધાર (કન્ધાર) દેશનો રાજા મહા; કપટા ચારી

શિશુપાલ...ચેદીદેશનો મદોન્મત રાજા.

ભીષ્મ પિતામહ...બાલબ્રહ્મચારી, ગગાના ઉદરમાથી જન્મેલા શાંતનુંનો પુત્ર અને પાડવોનો પિતામહ.

દ્રોણાચાર્ય . કૌરવ તથા પાડવોના. શસ્ત્રવિદ્યાના ગુરૂ

વિદુર . દુર્યોધનનો ધર્મશીલ કાકો

વિરાટ .. વિરાટ દેશનો રાજા

ઉત્તર . વિરાટ રાજાનો રાજ કુમાર

કીચક... વિરાટ રાજાનો સાળો અને સેનાપતિ; મહા મદાંધ અને અ-
વિચારી પુરૂષ પિશાચ.

અભિમન્યુ...સુભદ્રાના ઉદરથી જન્મેલો વીર અર્જુનનો પુત્ર.

દઉશાસની...દુઃશાશનનો પુત્ર.

પ્રાતઃ કામી ..દુર્યોધનનો એક ધર્માત્મા સેવક.

શ્રી વ્યાસ... એમના પરિચયની પણ આવસ્યકતા નથી.

યમધર્મ... મૃત્યુનો અધિકારી અથવા યમરાજ

નારદ... પ્રખ્યાત દેવર્ષિ

એ ઉપરાત પ્રતિહારી, સઇનિકો ઇત્યાદિ.

સ્ત્રીપાત્રો

સત્યભામા }
રૂકિમણી } શ્રી કૃસ્ણની બે પટરાણીઓ.

સુભદ્રા...શ્રી કૃસ્ણની ભગિની, વીર અર્જુનની પત્ની અને અભિમન્યું
ની પુજ્ય માતા.

દ્રૌપદી...રાજા દ્રૌપદની દુહિતા અને પાંડવોની પત્ની.

સુદેષ્ણા...વિરાટ રાજાની રાણી, કીચકની ભગિની.

ઉત્તરા...વિરાટ રાજાની વીરપુત્રી અને અભિમન્યુની અર્ધાંગના.

શિખડિની.. દ્રૌપદીની ભગિની અને પુરૂષ વેશમાં શિખડી નામથી
પાડવોની સેનાપતિ

એ ઉપરાત રાણીઓ, દાસીઓ, સખીઓ ઇત્યાદિ.

સ્થળ.

ઇન્દ્રપ્રસ્થ, હસ્તિનાપુર (દીલ્હી), વિરાટદેશ (કુરૂક્ષેત્ર), દ્વારિકા,
દવઇતવન અને ઉપપ્લવ્યનગર
ઇત્યાદિ.

શ્રી ગણેશાય નમઃ

શ્રી આર્ય નાટ્ય સમાજ

દેવી દ્રૌપદી

અથવા

મહાભારત દિગ્દર્શન.

ખેલનાં ગાયનો

ગાયન. ૧

સુત્રધાર—બાળાઓ

પ્રથમ બ્રહ્મ કર ઉચ્ચાર,
સચ્ચિદ આનંદ રૂપ શાશ્વત જે નિર્વિકાર. .....પ્રથમ.
વિશ્વ સકળ નાટક સમજીને સર્વ નાટ્ય કાર
ભૂમિકાથી ભિન્નમાન તટસ્થ બ્રહ્મ સૂત્રધાર. પ્રથમ.
જવનિકા વિશે રહીજ ભાળનો ક્રિયા વિકાર.
દેતો ફળ દાન સદા માનવ કાર્યાનુસાર પ્રથમ

ગાયન ૨

નટી—બાળાઓ.

વીર ભારી ભારતમાં કેવા થયા છે મહારથી,
ધર્મ પાળયો સદૈવ જેમણે મથી.—
હતા કૃષ્ણચંદ્ર જેમના સુઆરથી, સારથી સારથીરે વીર.
સતી શુરી સુલક્ષણી શોભા સદનની દરોવપદી જેવી હતી સુંદરી
ભારતીય કીર્તિ ચંદ્ર વિભા જેમનાથી વિશ્વમાંહી વિસ્તરી વીર.
થયા દાસો કુસંપના બંધુ કલહથી, દ્વેષનો અગ્નિ ચિત્તમાં ધરી,
ભારતીય યુદ્ધ ઘોર થતા દુર્દશાની આવી આ વિભાવરી, વીર.

ગાયન ૩

રાણીઓ—સાહેલીઓ

ન્યારી ન્યારી શોભા લાગી મયદાનવની બલિહારી.
જળમાં સ્થળની સ્થળમાં જળની ભ્રમણા ભરતી ન્યારી
મખની ધરતી સઘળી શુચિતા કરતી ...ન્યારી
વિધ વિધ રત્ને રજત કાંચને, મંદિર રચના શી કરી છે,
વિશ્વ કર્મની કળા હરી છે
ગૃહ ઉપવનની, પર્વત વનની, ધરા ગગનની સ્વર્ગ સદનની.
શોભા આવી, સાથે લાવી, બુદ્ધિ ચલાવી
આ મતિધર માનવની......ન્યારી.

ગાયન ૪

કૃષ્ણ.—

ભલી બ્હેન બાંધી ને દ્રૌપદીજ હીરની
ખરી પ્રેમ શ્રદ્ધાના, કિંમત ચીરની-
જીતી તું કૃપાને ધર્મ વીરની ...(૨) બાંધી... ...બાંધી

ભૂખ્યો સદૈવ જાણો ભગવાન ભાવનો, બેનડી...
ભગવાન ભાવનો;
ભાજી ભલી, નહિ પરવા ખીરની (૨) બાંધી ....બાંધી
દેવું શું મૂલ્ય આનુ, આવે ન ધ્યાનમા, બેનડી
આવેન ધ્યાનમા
પાટો નહિ કડી જંજીરની (૨) બાંધો... બાંધી

ગાયન. ૫

સખીઓ—

યમુનાને તીર સખી યમુનાને તીર,
બંસી બજાવે કૃષ્ણ યમુનાને તીર,-
સુણવા અધીર ગોપી સુણવા અધીર . ...બંસી
જાદુ ભરેલી મધુર બાંસરી બજાવે,
ગોપી રસીલી સકળ ઉંઘથી જગાવે,
રાધિકાની નણદીનો માડીજાયો વીર, ...બંસી

સાખી.

નિમિત કરી જળ ભરણનું ઘટ લઈ થઈ તઇયાર,
યમુના તટ પન ઘટપરે, આવી ગોપી નાર.
ઘેલી બની ગઈ રે ગોપી ઘરનુ ભાન ભુલી,
નાદે ચઢી ગઈ રે ગાડી રસમા સાન ભુલી
ઘટ પટ ભુલી સ્થળજળ ભુલી, સ્વામી ધ્યાન ભુલી.. ..ઘેલી

સાખી

દહિં માખણનો ચોર એ, ગોકુળનો વસનાર,
પુત્ર યશોદા નદનો, કામણનો કરનાર,
યોગી ભોગી સદૈવ જેથી મુગ્ધ થાય,

ગોપી ભોળીન કેમ કૃષ્ણ ગાન ગાય,
બ્રહ્મ શુદ્ધ ધરી આવ્યો, માનવી શરીર....બંસી.

ગાયન. ૬

શકુની—

ખટપટ ઝટપટ હે જય પળમાં,
કપટ વિકાસ નીતિ કુટીલાથી;
પરિણામ કામ સિદ્ધિ,
પાંડવનો નાશ થતાં ભૂતલમા,...........ખટપટ
દ્યૂત જાળ પ્રસરાવી અરિ પણ પટમાં,
જાય નહિં કોઇ ફાવી;
નામ દ્યૂતમા પ્રસિદ્ધ મારૂં
હું સમાન કોઈ છે ન ધારૂ;
પણના બળમા ....ખટપટ

ગાયન. ૭

દુર્યોધન-દુઃશાસન-શકુની—

જય જયકાર કરવો છળ સકળથી.
સબળ ઝટ આ વાર,
કપટ પટમાં અનત બળથી રિપુ પરાજિત ધાર.....જય.
બહુ ભરમાવી પાડવો અધદ્યૂતનો પટમાંડવો;
ઝટ જઇને માંડવો,
ગૃહ ધરા ધન તેમના ધન, રમણી હું હરનાર. ....જય.

ગાયન. ૮

વારાંગનાઓ.

હટ મોરી ગગરીયા ભરન દે રે,...... હટમોરી
પન ઘટવાપે પયર ધરન દે રે........હટમોરી

ચે મંસૌરી કલાઇ મોરી તોરી બરજોરી કહે કોની.
દેખ નારી અકેલી લાજ લીની
મોરી નૈયા શરમાવાકી પાપી ડુબોના તરનદે (૨) ...હટમોરી

ગાયન. ૯

દ્રૌપદી—

વિપદ વિકટ વસમી;
પાંડવ મતિ હાય ભ્રમી-
ધર્મરાજ થઇ એક જુગારી, ગયા રાજ્ય ધનદારા હારી;
કુંતિએ કેમ ગમી ... ...વિપદ
શત્રુ લાવશે સંકટ ભારી, કૃષ્ણ રાખજે લાજ હમારી,
યાચુ ચરણ નમી . વિપદ

ગાયન. ૧૦

દાસીઓ—

દેવી, દયાના નિધીન દુઃખવેળા સમરીએ
ધીર ધરીએ રે, બાઇ, ધીર ધરાએ ... દેવી
અહલ્યા ઉગારી નારી, શિલાઓ સમુદ્રે તારી
કરી ભકત વાર જાણો, સદા હરિએ ..દેવી
મહા દુષ્ટ કંસ મારી, ઉતાર્યો ભૂભાર ભારી
સહે શું અધર્મ આવો, પ્રભૂ જરાએ દેવી
સુભદ્રાનો બધુ તારી, લેશે સભાળ સારી
જપી કૃષ્ણ નામ; શાંતિ મને ભરોએ .. .દેવી

ગાયન. ૧૧

સત્યભામા—

શ્યામ રંગ સમીપે ન જાવું, મારે આજ થકી ... ...શ્યામ
જેમાં કાળાશતે સહુ એક સરખું, સવ માં કપટ હશે આવું;

કસ્તૂરીની બિંદી તે કરૂં નહિ કાજળ ન આંખમાં અંજાવું ...મારે
કોકિલાનો શબ્દ કદી સાંભળું ન કાને, કાકવાણી શકુનમાં ન લાવું..
નીલાંબર કાળી કંચુકી ન ધારૂં જમનાના નીરમાં ન ન્હાવું,...મારે
મરકટ મણીને મેઘ નયને ન જોવા જાંબુ ફળ ભૂલથી ન ખાવું
આજ નિયમ લીધો આ વદને વદીને તે સદા મનથી નિભાવું
........મારે

ગાયન ૧૨

નારદ—

માધવ મંગલકર ભગવાન,
મંગલ કર ભગવાન... માધવ
પુત્ર પ્રિયાધન, ગણુ ભવ બંધન,
લેને ગ્રહી મન, વિભુ આરાધન,
ત્યાગ તિમિર અજ્ઞાન... માધવ
હે ચંચલ મન, ભજન કરી ઘન,
થા દઢ સજ્જન, વિભુ રતિ ભાજન,
થાય અચલ કલ્યાણ. માધવ

ગાયન ૧૩

કૃષ્ણ—

છે મમ ભગિની વિપદમાં કૃષ્ણા
દાનવ ફરતા કુલી કુમદમા— છે મમ
હરિ ... ર મદ આગજનો સકળને
ચમત્કા નિજ દાખુ— ...છે મમ
પળ પણ નહિ અહિ રહુ ... પયતમા
નહિ અન્ન જળ ચાખુ— .....છે મમ

ગાયન ૧૪

દ્રૌપદી—

રાધાકાંત કરવા મારી વ્હાર
બંધુ ગરૂડે ચડીને વેગે પધારજો રે—
દીન દયાળુ દુષ્ટ વિદારક વીર રે—
આ શુદ્ધ સતીની કરૂણા અંતર ધારજો રે. બંધુ
ત્યજી દુષ્ટ ધર્મ ભીતિ, કરે હાય આ અનીતિ
બતાવો ધર્મ પ્રીતિ, જુઓ ઘડી જાય વીતી
પ્રભુ નિજ ધર્મ મારો શર્મને વિચારજો રે... બંધુ
મિચાઇ આંખ શું જગના ધણીની
હરે છે લાજ કૌરવ સિંહણીની
દિગંબર થાય માનુની રૂક્મિણીની
ઉગારો કૃષ્ણ વેળા છે અણીની
સુદર્શન ચક્ર ધરી પાપીને વિદારજોરે .બંધુ

અંક પહેલો સમાપ્ત

અંક બીજો

યુધિષ્ઠિર— ગાયન ૧૫

ગયા ક્યા રાજ્ય વઇભવને ગયા સર્વ ક્યાં સુખ રાશી
ગયા ક્યા કોષ લક્ષ્મીના ગયા ક્યા દાસ ને દાસી.. ...ગયાં
ગઇ ક્યા દિગ્વિજયની તે પતાકા ગગનથી ઉડતી
નગર ને રાજ્ય મહાલો વિહારો ક્યા ગયા ન્હાસી ..... ગયાં
પ્રતાપી પાંડવોની તે દશા શી આ કરી ભગવાન,
કુબુધ્ધિ દ્યૂતની તે કેમ આપી ઇશ અવિનાશી.......ગયા

ગાયન ૧૬

યક્ષ-યુધિષ્ઠિર-

યક્ષ—

ધર્મરાજ છે ધન્ય તને તેં ધર્મ બુધ્ધિ ધારી,
પરીક્ષા કરૂં આજ તારીઃ-
શુ આશ્ચર્ય અતીવ જણાતુ, માનવ મન કયાં ગોથાં ખાતું:
બુધ્ધિ વિસારી મુર્ખ થતા કઇ કૃતિમાં સંસારી......પરીક્ષા
નિત્ય હજારો માનવી યમના મુખમા જાય,
તો પણ માને જીવતા, અમર અમારી કાય,
ક્ષણ ભંગુરતા નિજની ભુલે, મુર્ખ એજ કૃતિમા બનિ ફુલે
અન્ય કહે આશ્ચર્ય હસે શુ એથી પણ ભારી.... કહે છે

ધર્મરાજ- ધર્મરાજ " એક અન્ય વરદાન પણ માગી લે "
" આપના સર્વ પ્રશ્નો સંપુર્ણ થયા પછી માગીશ "

જેવી ઇચ્છા

જવુ અંતમા ખાલી હાથે જીના મૃત્યુ પછી આવે સાથે
કહે વસ્તુ શી એવી વિશ્વમાં અભિન્ન રહેનારી... પરીક્ષા
મરતા જાવું જીવને, છેવટ ખાલી હાથ,
રહે પાપ ને પુણ્ય બે, મરણ પછી પણ સાથ.
અભિન્ન એ બે વસ્તુ વદાની, ભિન્ન ન મૃત્યુ પછી પણ થાતી
પાપ અપાવે નરક પુણ્ય, દે ભવ સાગર તારી. . કહે છે

એક અન્ય વર પણ માગી લે

દેવ, જે પુછવાનું હોય તે પુછો
સાર ભુત વસ્તુ શી માની મોક્ષ કહે છે શાને જ્ઞાની
કોણ કરે છે બંધ નિરંતર સુખદ મોક્ષ બારી......પરીક્ષા

સાર ભુત જે વસ્તુ તે, કેવળ બ્રહ્મ વદાય;
થવું બ્રહ્મમાં લીન તે, મોક્ષ વિલાસ મનાય
બંધ મોક્ષ બારો કરનારી, માયા માની ભ્રમ હરનારી
મરણુ માયા વિષનુ માનું, બ્રહ્મ સુધા વારી......કહે છે

ગાયન ૧૭

સુદેષ્ણા—

પ્રિય કર સુખકર મંગળ વેળા આજની
ઘડી આ ઘડી શી પ્રભુએ બતાવી
વિદેશમાં જય માન વધાર્યા
સુબંધુ કીચક ઘેર પધાર્યા
નેત્ર નિરખશે મુદ્રા બાંધવ રાજની......ઘડીઆ
ઉત્તમ વીર પરાક્રમ શાળી
રિપુ મદ મારણમાં હદવાળી
કીર્તિ વધારી વિશ્વે આત્ય સમાજની.......ઘડીઆ

ગાયન ૧૮

દ્રૌપદી—

હે યદુપતિ કૃષ્ણ મુરારી લજ્જા જાળવજે મારી;
વિનવે આ દ્રૌપદીઃ—
કૈટભનું કદન કરનારા, મધુ જીવન હરનારા;
કંસ ગર્વ ધરણી ધરનારા, આશા બંધુ તારી... ...વિનવે
આ સ્થાનમાં નથિ કોઇ અમારૂં, કીચક ભ્રમિષ્ટ ધારૂં;
શરણુ સહોદર એકજ તારૂં, લેજે બેન તારી.......વિનવે

ગાયન ૧૯

ઉત્તરા—

રગ જોબનું બતાવે, વિરહ વેદના સતાવે રતી ચિત્તને ચળાવે;
મને બાવરી બનાવે મદન બાવરી … …રંગ
સ્નેહ સ્વપ્ન આવી નિશામાં જગાવે,
સુનિ સેજ ઉંડા નિસાસા નખાવે,
આઠ જામ હૃદય તાવે સમય સંકટે વિતાવે,
મને બાવરી બનાવે મદન બાવરી
વ્યર્થ ગણો વીણા ન કોઈ જો બજાવે
વ્યર્થ તેમ યુવતી પતીના અભાવે
ભોગી ભ્રમર પાસ નાવે, કુસુમ વ્યર્થ જન જણાવે,
મને બાવરી બનાવે મદન બાવરી—

ગાયન ૨૦

ઉત્તરા-સખીઓ—

રંગે રસીલો ભીંજાવશે આવશે
પ્રેમ લીન લલના બનાવશે
હાં હાં-ધીગી રંગીલો રીઝાવશે . …રંગે

ઉત્તરા—મુકો લવારો, ભમે જીવ મારો
સખીઓ—અરે વાહ, વાહ, વાહ,
ઉત્તરા—હુ છુ કુંવારી, ન આ છેડ સારો
સખીઓ—સખી જા, જા, જા,
જો સ્ફૂટે હાથે જોબનિયુ લુટાવજે,
લજ્જા લશ્કરે લોચનમાં ન લાવજે……હાં હાં

ગાયન ૨૧

ઉ-તરા-સખીઓ—

પ્રેમના રંગો યુવતી જાણે રે બાળા શું જાણે, (અજાણી)
પ્રસુતા પીડા રંગ પિછાણે રે વંધ્યા શું જાણે; (બીચારી)
હોય પદ્મિનો પંઢ સદનમાં, કોણ કહો સુખ માણે
સ્વાદ સર્કરાનો ખાખરની ખિસકોલી ન પ્રમાણે રે… ..બાળા
ઉદાર રીઝે કીર્તિ મેળવી, લોભી રીઝે નાણે
રીઝે રમણી રમણ રાગથી યોવન મદના ટાણે રે…. …બાળા

ગાયન ૨૨

કૃષ્ણ—

છે સમરતિ મમ રામા.-
રુકિમણી સ્તય ભામા-
એક રદયને પ્રાણ એક છે.
ઉભય જીવનાધાર-
ભિન્ન આકાર ……….છે સમરતિ
જ્ઞાન માનનો જ્યાં વિવેક છે;
સબળ એક ત્યાં તાર. -
રદયના ધાર છે ……….છે સમરતિ,

ગાયન ૨૩

સત્યભામા—

સલૂણા મારા મોહન જીવન છો,
સ્નેહ સજીવન છો… …… ……સલૂણા

પોઢો સુભાગી, ચિંતન ત્યાગી;
વીજન વાયુ, ઢાળું સુરાગી;
લાલ સુલોચન છો........સલૂણા
નિદ્રા નારી, નેત્રેધારી;
શોક વિસારો, કુંજ વિહારી;
પ્રાણ, સમાધન છો........સલૂણા

ગાયન. ૨૪

કૃષ્ણ-અર્જુન—

છે મારી એ સાચી મતી, જેને કૃષ્ણ સહાય
નહિ તેનો અજય વિશ્વમાં રિપુતેના નમિત્રણ ખાય
ગણ્યો અંધાર હારક ચંદ્રમાં તારલા ચમકે ગગનમાં
નહિ ટાળે દ્રષ્ટાંત--
ખારો નીરધી ભર્યો, ભર્યોરે ના શામક તૃષાનો-
આય જરા.... ......ગણ્યો
જે શ્રદ્ધા જેવી રાખતો, તેને તે ફળ થાય
નર ધારે જેવી ભાવના, બસ સિદ્ધિ તેવી સહાય
જ્ઞાનના નિધિરે વચનમાં ધરિ શ્રદ્ધા ભાવ
માનું પ્રભુ છો તમે, તમેરે કૃષ્ણ અમારા-
એક ધરા ......ગણ્યો

ગાયન. ૨૫

અભિમન્યુ-નારદ

રણમાં, રણમાં વિચરીં ઝટપટ અસિકરમાં ધરીએ;
આ ચાપ અને આ બાણ શીઘ્ર વાપરીયે;

રિપુ રક્ત પાનથી વેર તૃષાને શાંત અમે કરીએ
રણમાં લડી જનની કૂખ વીર દીપાવો;
લઈ નામ કૃષ્ણનું કાર્ય સફલ કરી આવે.;
ધરીએ નહિં મનમાં ભય શંકા જરીયે........રિપુ.
નહિ યુદ્ધ લડશો અધર્મને સ્વીકારી;
કરી ધર્મ યુદ્ધ આવો જયમાળા ધારી;
છો પ્રાણ જાય નહિ અધર્મ આચરીએ........રિપુ.

ગાયન. ૨૬

સર્વે- સભાજનો.

પ્રતાપી કૌરવ કુલના કીર્તિ કુસુમનો પ્રસરો સરસ સુવાસ
આરિજન કંપે પળ નહિ જંપે,
નયને જોઈ જય ઉલ્લાસ,
મૂકે છે નિઃશ્વાસ ભયંકર સિંહો પામી ત્રાસ-
ગઉ બ્રાહ્મણ પ્રતિપાલ ધુરંધર,
નય નીતી આધાર ભલા,
ઈશ કૃપાથી કૌરવ કુલની ટળજો સઘળી
અલાબલા. .... . અરિજન.

ગાયન ૨૭

વારાંગના—

કરો સત્કાર શો ભગવાન, કહો તમને રિઝાવું હું,
કઈ વસ્તુ કહો સ્વામિન, તમારી પાસ લાવું હું;.... કરી
હું આ વાહન કરૂં કોનું, તમે સર્વત્ર વ્યાપક છો;
નિશદર માય ને બોલાવવા ઘંટી બજાવું હું;........કરી.

તમે પાષાણ પ્રતિમામાં; તથા સોન્ધ્યાત્મ પુષ્પોમાં. (ધ્રુ)
પ્રભુના શિરપરે પ્રભુને, કહો કેમજ ચઢાવું હું......કરી
લગાવું ભોગ કંઇ તમને તમારો તે અનાદર છે;
જગતના અન્ન દાતાને, કયા ભોગો ધરાવુ હુ ......કરી

અંક બીજો સમાપ્ત

અંક ત્રીજો

સખીઓ— ગાયન ૨૮

હૃદયના ભાવને મુખથી અમે શું બોલિયે સજની;
નયન શીતળ થતા, સંગ નિહાળી ચંદ્રને રજની....હૃદય
હતી સંસારમા જોડી, સુભાગી રામ સીતાની;
વરી શ્રી કૃષ્ણને રાધા, રસીલી વાસીની સજની,...રહૃય
ચિરાયુ દંપતી થાજો, વિરાજો હર્ષ હિંડોળે;
ન થાશો સત્વ શીલોને, કદા બાધા તમો રજની....રહૃય.

ઉત્તરા-સખીઓ ગાયન ૨૯

છબી છેલની તું છાતીમા છપાવજે;
હાસ્ય શુ કરો શર્મ ના ધરો,
મદન મૂર્તિ કાન્તને રતિ રસે ડુબાવજે; છબી
ફોકટ ફૂલહીની પટપટ આ નટખટ સખી કયસ માંડી
ઘુઘટ પટ ખોલ્યો રસીયાજીએ છેક શરમ તેં છોડી
ઘેલી લજ્જા ના મૂકાવશો,
(વાહ વાહ),
આવોતે બાઇ! સ્વભાવશો,
(વોય વોય) ઝીલજે રંગમાં ઝીલાવજે-મદન

ગાયન ૩૦

ઉત્તરા-સખીઓ

રણને શોણિત બલિ આપી, રિપૂના શિરને ઝટ કાપી,
છાપ શૂરાતનને છાપી, વેગે આવજો,
સ્વામી મારા આધાર, વેગે આવજો,
મારા મોંઘા શૃગાર, વેગે આવજો,
તરુણ સુભટ મમ મનના મોહન અરપું જયમાળા,
ધવલ કીર્તિ રિપુરોળી, વરજો રણમા રઢિયાળા....છાપ

ગાયન ૩૧

નારદ—

વૃથા સંસારની માયા,
સંધ્યા સમે નભ રંગ અભંગ જમાને (૨)
વૃથા આ જીવનને કાયા... . . .. .વૃથા
ક્ષણિક આ વિશ્વમા શાને અરે જન મુર્ખ ભરમાયા,
કરે શું હાય ભ્રામક જ્યાં પડી અજ્ઞાનની છાયા... . વૃથા
ચણીલે આત્મમંદિરને, લગાડી જ્ઞાનના પાયા
ભલાજે આત્મજ્ઞાની છે, ખરા તે માનવી ડાહ્યાયા .... .વૃથા

ગાયન ૩૨

યુધિસ્ઠિર—

આપ અમારા સદ્ગુરૂ, આપ અમારા ઈશ;
નમુ કૃષ્ણ પરમાત્મા, જયદાતા જગદીશ;
છે કૃપા ભગપતિ તમારી,
અભય પાંડવ છે જગતમાં,
અવર ગતી નહિ થશે અમારી છે કૃપા

ગૃહમાં ગંગા હોય, ત્યાં પાપ લેપ કહિ થાય,
તો પણ પાપ કલંક તે, ગંગાજળથી જાય;
છે સદા શ્રી ચરણ તમારા.
પ્રબળ અઘની છે. નિવા-ક,
િમળ અતી ગંગાની ધારા   છે સદા

ગાયન ૩૩

કૃષ્ણ—

મતિ ધારી ધર્મની,
નયના બળથી, દાસ તારો તે બનાવ્યો,

આ કૃષ્ણને સદાં .... મતિધારી
જીવતન આ, પ્રાણ ધન આ,
ચિત્ત મન આ આપના,
છે મારી તઈચાની તગદુઃખો કાપના ....મતિધારી

સમાપ્ત

સુચના

નીચે મુકામ જ્યાં હોય ત્યાંથી મળશે માટે જે સાહેબોને જોઈતાં હોય તેઓએ રોકડી કીમતથી મંગાવી લેવા. વી. પી. થી મોકલવામાં આવશે નહીં. નોટપેડ કાગળ રાખવામાં આવશે નહીં.

૧ સરસ્વતીચંદ્ર	(આવૃતિ ૯ મી)	...	૦—૨—
૨ બોલતો કાગળ	(આવૃતિ છઠ્ઠી)	...	૦—૨—૦
૩ જાલીમ દુનીયા	(આવૃતિ બીજી)	...	૦—૨—૦
૪ સિદ્ધાર્થ બુદ્ધ	(આવૃતિ પહેલી)	...	૦—૨—૦
૫ દેવી દમયતી	(આવૃતિ બીજી)	.	૦—૨—૦
૬ ચાલુ જમાનો	(આવૃતિ પહેલી)	...	૦—૨—૦
૭ દગાબાજ દુનિયા	(આવૃતિ પહેલી)	...	૦—૨—૦
૮ ધર્મનીશ્ટ મયુરધ્વજ	,,	...	૦—૨—૦
૯ આર્ય વિજય	,	..	૦—૨—૦
૧૦ અમર યોગીન્દ્ર	,,	. .	૦—૨—૦
૧૧ બાદશાહી હીસ	,,	...	૦—૨—૦
૧૨ પ્રતાપી પ્રેમીલા	(ભાષણ સહીત)	...	૦—૮—૦
૧૩ ચિતોડનો કરણ	,,	...	૦—૮—૦
૧૪ કામલતા	,,	...	૦—૮—૦
૧૫ સત્યવાદી હરીશ્ચંદ્ર	,,	...	૦—૮—૦

માલેક,

બાઇ શ્યામકુંવર.

શ્રી આર્ય નાટ્ય સમાજની સ્વામીની.